


# Life માટે જરૂરી મની મેનેજમેન્ટ...!

આજના યુગમાં સૌથી મહત્ત્વની કોઈ વસ્તુ હોય તો તે પૈસા છે. 'નાણાં વગરનો નાથિયો અને નાણે નાથાલાલ! આ કહેવત મુજબ પૈસા સર્વસ્વ બનવા લાગ્યા છે. આજના જમાનાની તે જરૂરિયાતની વસ્તુ બની ગઈ છે. નાણાં વિના જીવન ખૂબ જ કપરું છે.

તેમાં હાલની પરિસ્થિતિ અંદર-અંદર એકબીજા દેશોની લડાઈ, પારાવાર નુકસાન, માનવહાનિ સાથે વાહનવ્યવહાર ઠપ-માલ-સામાનની હેરાફેરી બંધ અને આપણે સૌ પણ ગેસ પુરવઠાની તંગી ભોગવી રહ્યા છીએ. મજૂરવર્ગ કામધંધા છોડી પોતાના ગામ પલાયન થવા માંડ્યા છે. કારણ એકદમ વસ્તુની અછત અને મોંઘવારી આસમાને...! શું કરે?

આપણા જીવનનું દરેક ડગલું નાણાં થકી જ આગળ ચાલે છે. દુનિયાના બનતા આત્મહત્યાના કિસ્સાઓમાં મોટાભાગે નાણાંના અભાવનું કારણ હોય છે. આજના જમાનાની વિકટ સમસ્યા હોય તો તે છે નાણાંની બચત- ગમે તેટલી આવક હોય તો તે જાવક સામે ટૂંકી પડે છે. રોજિંદી જરૂરિયાતો અને સામાજિક જવાબદારી નિભાવવામાં મોટા ભાગના પૈસા ખર્ચાય જાય છે. અર્થશાસ્ત્રની દૃષ્ટિએ જોઈએ તો પૈસાની બચત ન થવા પાછળનાં ઘણાં કારણો છે. જેમ કે, મોંઘવારીમાં વધારો સામે રોજગારીમાં ઘટાડો. આપણે બીજાના નહિ આપણા જીવન માટે વિચારવાનું છે. એક મધ્યમવર્ગીય કે તેનાથી થોડા ઉપર કે નીચે રહેલા આપણા પરિવારમાં નાણાંની તંગી ઓછી કરી શકાય? અને આરામથી ચિંતા વિના સરળતાથી જીવન કેમ પસાર કરી શકીએ?

નાણાંની ઓછી બચત કે બિલકુલ બચત ન થવાનાં કારણો જોઈએ તો ક્યાંક આધુનિક ટેકનોલોજી ચોરીછૂપે આપણાં ખિસ્સામાંથી પૈસા ચોરી લે છે તો ક્યાંક સામાજિક મોભો આપણું ખિસ્સું ખાલી કરી દે છે. થોડી આપણી માન્યતાઓ આપણને નડે છે. તો થોડુંક જીવનશૈલીમાં બદલાવ ભાગ ભજવે છે. આપણી ખબર વગર અનેક પરિબળો આપણા પૈસા છીનવી રહ્યાં છે.

સૌથી અગત્યની વાત આવકનું વ્યવસ્થિત આયોજન કરવાથી પૈસાની બચત તો વધારી શકાય છે. વ્યવસ્થિત આયોજન કરવાથી ગમે તેવાં મુશ્કેલ કાર્યો સરળતાથી પાર પાડી શકાય છે. નાણાં આયોજન આ રીતે કરી શકાય- પ્રથમ આપણે આપણી માસિક આવકનો હિસાબ નોંધીએ. ત્યાર બાદ એક ડાયરીમાં રોજિંદા ખર્ચાઓ નોંધવા જોઈએ. આવી રીતે લેખિત નોંધ દ્વારા બિનજરૂરી ખર્ચા પર કાપ મૂકી શકાય છે. 10% જેટલું માસિક આવકમાંથી ભવિષ્ય નિધિ માટે રોકાણ કરવું જોઈએ. બચત માટે ખૂબ જ ધ્યાન રાખીને કે અથવા નિષ્ણાતની સલાહ મુજબ જ રોકાણ કરવું જોઈએ. આપણી મહામૂલી બચત ડૂબી જાય અથવા તો તેનું ખૂબ જ ઓછું વળતર મળે તે યોગ્ય નથી, આથી આયોજનપૂર્વક કરેલી આજની બચત આવતીકાલનો સહારો બની શકે છે.

જીવન સરગમ
બિન્દુબેન કચરા

સ્ત્રીઓએ તો આ બાબતમાં ખૂબ સજાગ રહેવાની જરૂર છે. કુટુંબનો રોટલો રળનાર, કુટુંબના મોભ સમાન પુરુષના મૃત્યુથી સમગ્ર કુટુંબનો આર્થિક નકશો એકાએક બદલાઈ જાય છે. સલામતી અને નિશ્ચિતતાનું સ્થાન જવાબદારી અને ચિંતા લે છે. સ્ત્રી માટે આ ઘા કારમો અને અસહ્ય હોય છે. બાપ વિનાનાં કુમળાં બાળકોની બધી જવાબદારી ઉપાડવાની છે. ભાવિ, અંધકારમય લાગે છે. શું કરવું એ સૂઝતું નથી.

આપણા ભારતીય સમાજમાં થોડાંક અપવાદો બાદ કરતાં મોટા ભાગની સ્ત્રીઓને પોતાના પતિની આર્થિક સ્થિતિનો ખ્યાલ હોતો નથી, એની માલમિલકત કેટલી છે? દેવું કેટલું છે? લેણું કેટલું છે? અરે! કેટલીક સ્ત્રીઓને તો બેંકના ખાતાનો નંબર પણ ખબર હોતો નથી. કઈ કઈ બેંકમાં ખાતા છે તે પણ ખબર નથી, અરે! પતિનો પગાર શું છે? એ પણ નથી ખબર! કેટલાક પુરુષો પોતાની પત્નીને આ બધી વાતથી વાકેફ કરવા માંગે છે ત્યારે આપણી ભલીભોળી બહેનો સામે ચાલીને ના પાડીને કહે છે- એ બધું જાણીને મારે શું કામ છે? એ કામ તમારું છે,

મારું નહિ, અને પત્ની રસોડાના કામકાજમાં, બાળકો પાછળ, વડીલો પાછળ અને સામાજિક વ્યવહારમાં કાર્યરત રહે છે.

કેટલીક જાગૃત સ્ત્રીઓ આ અંગેની વાત જાણવા પતિને પૂછે છે ત્યારે પતિ સામેથી કહેશે, ''તારે એ બધું જાણીને શું કામ કરે છે?'' પણ બહેનો! આ બધી વસ્તુ જાણો, સમજો, તે અંગે ખૂબ જ ધ્યાન કેળવો. તેમાં જ તમારું હિત છે. આપણી બહેનો બીજી કેટલીક નકામી બાબતોમાં સમય પૂરો કરે છે પણ જે વસ્તુ પોતાના હિતની છે, તેમાં કેમ રસ લેતી નથી? પૈસાની બાબતમાં બધી જાણકારી મેળવવી અને પૈસાની બચત કરી પૈસાનો સારામાં સારો ઉપયોગ કરવો અને ભવિષ્યની સલામતી માટે શક્ય હોય તે પ્રમાણે બચત કરવી એમાં પત્નીનું કૌશલ્ય રહેલું છે. ઘરના દરેક નાનામોટા સભ્યોને પૈસાનું મહત્ત્વ સમજાવું જોઈએ, બિનજરૂરી ફાલતુ વસ્તુ માટે ક્ષણવારમાં પૈસા વેડફી નાંખવા જોઈએ નહીં, વાપરવા માટે કરોડો રૂપિયા પણ ઓછા પડે છે પણ એવું નહીં પાઈ પાઈ બચાવી મહેલ ચણો.

મોટાભાગના લોકો આવકના 50% પૈસાની બચત કરી દેતા હોય છે. જુદી જુદી વ્યાજ આપતી સંસ્થા-કંપનીમાં રોકાણ કરી બચતમાં વધારો કરતા રહેતા હોય છે. એના કારણે અમુક વર્ષોમાં એકાઉન્ટ્સ છલકાતાં રહે છે. આમ લાઈફને હેપ્પી-હેપ્પી બનાવવી હોય, ભવિષ્ય ઉજ્જવળ બનાવવું હોય તો જરૂરી છે મની-મેનેજમેન્ટ...!તો વાચકમિત્રો! બચત તો આપણા દાદા અને સમાજના અન્ય લોકો વર્ષોથી કરતા આવ્યા છે પરંતુ છતાંય આપણે સૌ ત્યાં જ છીએ, ખાલી બચત જ ન કરવી જોઈએ, બચતને આવકમાં ફેરવવી જોઈએ. આપણે આપણા પૈસાનું આયોજન કરીને આ જન્મમાં આપણાં સર્વે સપનાં પૂર્ણ કરી લેવા જોઈએ. નાણાંનું વ્યવસ્થિત આયોજન જીવનમાં નવો બદલાવ લાવે છે. બાકી મૃત્યુ પછી તો શું થશે કોને ખબર છે? તો મિત્રો, પૈસા બચાવો, પૈસો તમને બચાવશે...!




**કેટલીક સ્ત્રીઓને તો બેંકના ખાતાનો નંબર પણ ખબર હોતો નથી. કઈ કઈ બેંકમાં ખાતા છે તે પણ ખબર નથી. અરે! પતિનો પગાર શું છે? એ પણ નથી ખબર! કેટલાક પુરુષો પોતાની પત્નીને આ બધી વાતથી વાકેફ કરવા માંગે છે ત્યારે આપણી ભલીભોળી બહેનો સામે ચાલીને ના પાડીને કહે છે- એ બધું જાણીને મારે શું કામ છે?**

## સુવર્ણરજ

પૈસો એ જીવન નથી છતાં પણ જીવન જીવવા માટે પૈસા વગર ચાલવાનું જ નથી તો ભવિષ્ય માટે પૈસાની બચત કરી શાંતિથી જીવન જીવો...! બચત એ ત્રેવડનો બીજો ભાઈ છે.